શહેરમાં 'સેન્ટર ઓફ એક્સલેન્સ ઈન પેરાઓલિમ્પિક'નો શુભારંભ

સાઈ સંકુલ ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટેના સ્પેશ્યિલ ટ્રેનિંગ સેન્ટરનો કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે પ્રારંભ કરાવ્યો : સે. ૨૫માં અત્યાધુનિક પ્રશિક્ષણ કેન્દ્રનું શિલારોપણ પણ કર્યું : ૭.૫ એકરમાં દિવ્યાંગ ખેલાડીઓ માટેનું નિવાસી તાલીમ કેન્દ્ર વિકસિત કરાશે

ગાંધીનગર, તા. ૫

"કેન્દ્ર સરકાર રમતગમતને પ્રોત્સાહન આપવા સાથે આપણે વધુ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા સાથે વધુ ને વધુ મેડલ્સ અંકે કરવાની અપેક્ષા સેવી રહ્યાં છીએ. આ માટે

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રમાતી રમતો માટે "એક્સેલન્સ ઈન સ્પોર્ટ્સ"નો વિકાસ કરવાની દ્વિમાર્ગીય નીતિ અપનાવી રહી છે, આ કારણે ભવિષ્યમાં ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં ગાંધીનગર ખાતે આજે દિવ્યાંગ ખેલાડીઓ માટેના "સ્પેશ્યિલ ટ્રેનિંગ સેન્ટર"નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ટુંક સમયમાં દેશભરમાંથી છુપી ખેલ પ્રતિભાઓને શોધી કાઢવા માટે 'ટેલેન્ટ સર્ચ પોર્ટલ' લોન્ચ કરાશે જેમાં આઠ વર્ષથી ઉપરના કોઈપણ ખેલાડીની કોઈ પણ રમતની પ્રતિભા ઓળખી તેને જરૂર મુજબ તાલીમ, સ્કોલરશીપ વગેરે સહિતની અત્યાધુનિક સુવિધાઓ પુરી પાડી તેને ઓલિમ્પિક જેવી સ્પર્ધાઓ માટે તૈયાર કરાશે' આ શબ્દો છે ગાંધીનગરમાં "સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ડિફરન્ટલી એબલ્ડ સ્પોર્ટસમેન"નું ભૂમિ પૂજન કરવા પધારેલા કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલના. આ સાથે તેમણે સે. ૧૫માં સાઈ સંકુલ ખાતે સ્પેશ્યિલ ટ્રેનિંગ સેન્ટરનુંપણ ઉદ્ઘાટન કર્યુંહતું.

ગાંધીનગરમાં સેક્ટર-૨૫માં ૭.૫ એકરમાં વિકસિત થનાર 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન પેરા ઓલિમ્પિક'ની કંપાઉન્ડ વૉલનું શિલારોપણ કરતા કેન્દ્રિય રમતગમત મંત્રી વિજય ગોયેલે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નેરન્દ્ર મોદી રિઓ ઓલિમ્પિકમાં ભારતીય દિવ્યાંગ ખેલાડીઓના પ્રદર્શનથી અભિભૂત થયા છે અને તેમણે દિવ્યાંગ ખેલાડીઓને વધુ સારી આંતર

ખેલ પ્રતિભા શોધવા વેબ પોર્ટલ લોન્ચ કરાશે

ભારતમાં શહેરી, ગ્રામીણ તથા આદિવાસી તમામ વિસ્તારોમાં છુપી ખેલ પ્રતિભાઓને શોધી તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે પડકારરૂપ ભૂમિકા ભજવવા તૈયાર કરવાની નેમ સાથે રમતગમત મંત્રાલય આગામી સમયમાં એક ટેલેન્ટ સર્ચ વેબ પોર્ટલ લોન્ચ કરશે. આ વેબ પોર્ટલ પર ૮ વર્ષથી ઉપરના કોઈપણ ખેલાડીનો બાયોડેટા, ફોટોગ્રાફ્સ તથા વિડીયો વગેરે અપલોડ કરી શકાશે. આ અપલોડ કરવાનું કામ ખેલાડી પોતે અથવા તેના વતી તેના વાલી, શિક્ષક, કોચ, મિત્ર કે પડોશી કોઈપણ કરી શકશે. આ સર્ચ પોર્ટલ પરથી પસંદ કરાયેલ ખેલાડીના પ્રતિભા ચકાસણી બાદ તેને જરૂરિયાત મુજબ નિષ્ણાત તાલીમ, સ્કોલરશીપ, કીટ સહિતની સુવિધાઓ વગેરેની વ્યવસ્થા સરકાર દ્વારા કરાશે અને તેને આંતરરાષ્ટ્રીય સ્તરે તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલને વડાપ્રધાનના હસ્તે ટુંક સમયમાં લોન્ચ કરાશે.

થનારા આ સેન્ટરમાં એક ફુલ્લી એરકન્ડિશન્ડ ઈન્ડોર હોલ, ૧૦૦ પથારીની ખેલાડીઓ માટેની અત્યાધુનિક હોસ્ટેલ તથા અન્ય અદ્યતન સગવડો સાથે વિશાળ મેદાન ઉભુ કરાશે. આ સેન્ટરમાં નિષ્ણાંત પ્રશિક્ષકો દ્વારા દિવ્યાંગ ખેલાડીઓને સઘન તાલીમ પુરી પાડી ૨૦૨૦ની પેરા ઓલિમ્પિક રમતો માટે તૈયાર કરાશે.

આજે સાઈ સંકુલ ખાતે વિજય ગોયેલના હસ્તે 'સ્પેશ્યિલ ટ્રેનિંગ સેન્ટર'નો પ્રારંભ કરાયો છે. જેમાં દેશભરમાંથી પસંદ કરાયેલ કુલ ૫૦ દિવ્યાંગ ખેલાડીઓને નિવાસી તાલીમ અપાશે. આ સેન્ટરમાં હાલ એથ્લેટિક્સ, સ્વિમીંગ તથા પાવર લિફ્ટીંગના ખેલાડીઓનો સમાવેશ કરાયો છે પરંતુ તેમણે હૈયાધારણ આપી હતી કે નવા સેન્ટરનો વિકાસ થતા તેમાં વધુ ખેલાડીઓ અને વધુ રમતોનો પણ સમાવેશ કરાશે. આ પ્રસંગે મંત્રી વિજય ગોયેલ ઉપરાંત

રિયો પેરાઓલિમ્પિકના ગોલ્ડ મેડાલિસ્ટ દેવેન્દ્ર ઝાઝરિયા, પાવર લિફ્ટીંગના અર્જુન એવોર્ડી વિજય મુનિશ્વર, એથ્લેટિક્સમાં દ્રોણાચાર્ય એવોર્ડી આર.ડી. સિંહ, કેન્દ્રિય રમતગમત વિભાગના સંયુક્ત સચિવ ઈન્દર ધામિજા, સાઈ ગાંધીનગરના રિજિયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ તથા સાઈના પ્રશિક્ષકો અને તાલીમાર્થી ખેલાડીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રમતગમત મંત્રી વિજય ગોયેલનું સાઈ સંકુલ ખાતે પારંપરિક સ્વાગત કરાયું હતું.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મારા ઘરમાં આપણાં દેશ જેવી જ હાલત છે... મારી વાઈફને તેના જુના પતિએ એવી ખરાબ ટેવ પાડી છે કે... મારે તેને સુધારવા બહુ સમય જોઈશે...!!

વિકેન્દ્રીત આયોજન હેઠળના કામોની યાદીમાં ફેરફાર

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકાભિમુખ પ્રશાસનની પ્રતીતિ રૂપે છેવાડાના અને નાના ગામોને સુવિધાની ખુટતી કડીરૂપ પાયાના વિકાસકામો હાથ ધરવા વિકેન્દ્રીત આયોજન હેઠળ લેવાના કામોની સુચિમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. મુખ્યમંત્રીને આ યોજના અન્વયે લેવાના કામો માટેની પાત્રતા અને ધારાધોરણોમાં સુધારા માટેની મળેલી રજુઆતો અને આ માટે મંત્રીમંડળની પેટાસમિતિની ભલામણો ધ્યાનમાં લઈને તેમણે આ પ્રજાલક્ષી ફેરફારો કર્યા છે. આ સુધારાઓ અનુસાર વિવેકાધીન તેમજ પ્રોત્સાહક યોજનામાંથી સરકારી હોસ્પિટલોમાં દિવ્યાંગ બાળકોની સુવિધા સારવાર અને કીજીયોથેરાપીના સાધનો તેમજ સરકારી બિલ્ડીંગો, મિલકતો ઉપરના વરસાદી પાણીના સંગ્રહ માટે વોટર હાર્વેસ્ટીંગની નવી જોગવાઈઓ મંજુર કરી છે. રાજયના તમામ ધારાસભ્યઓને પોતાના મત વિસ્તારમાં સ્થાનિક જરૂરિયાતના વિકાસના કામો હાથ ધરવા માટે દર વર્ષે ૧ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટના વપરાશમાં પણ વધુ લોકાભિમુખ માંગણીઓ સંતોષાય તે માટે યોજનામાં ફેરફારો કરવામાં આવ્યા છે.

યાદગાર ગીતો : નગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા શનિવારે રાત્રે યાદગાર ફિલ્મી ગીતોનો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતના લોકપ્રિય ગાયક કલાકાર કમલેશ અવસ્થી અને ભૂષણ અવસ્થી દ્વારા મુકેશના યાદગાર ગીતો રજૂ કર્યા હતા. મુકેશના અદલ અવાજમાં ગાયકોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

જે.સી.આઈ. ગાંધીનગર દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

જેસીઆઈ ગાંધીનગર દ્વારા સેકટર-૧૩ ખાતે રકતદાન કેમ્પ યોજ્યો હતો. જેમાં સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન શહેરના રકતદાતાઓ અને જેસીઆઈના હોદેદારોએ રકતદાન કર્યું હતું. આ કેમ્પની પૂર્વ ડે.મેયર કાર્તિક પટેલ અને ભાજપના આગેવાન બિપિન રાવલે મુલાકાત લીધી હતી. બ્લડ ડોનેટ કરવા મહિલાઓ મોટેભાગે પાછી પાની કરતા હોય છે ત્યારે આજે જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધીએ બ્લડ ડોનેટ કરીને મહિલાઓમાં રકતદાન કરવા જાગૃતિ લાવવા સુંદર પ્રયાસ કર્યો છે. કેમ્પ દરમિયાન એકત્ર થયેલ બ્લડ થેલેસેમીયાગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ સહિત તમામ જરુરીયાત દર્દીઓને આપવામાં આવશે. બ્લડ ડોનેશન કેમ્પને સફળ બનાવવા જેસીઆઈના હોદેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી. જયારે કેમ્પ દરમિયાન સાથ અને સહયોગ પુરો પાડનાર તમામ નાગરીકોનો જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધીએ આભાર વ્યકત કર્યો હતો.

૧.૨૫ લાખની વસ્તીએ વેકસીન નિરીક્ષક જરૂરી

અમદાવાદ, તા.૫

ગાંધીનગર સહિત રાજ્યના અનેક નગરો-મહાનગરોમાં વેક્સીન નિરીક્ષકની જગ્યાઓ કેટલાય વખતથી ખાલી છે.

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ તરફથી જે માર્ગદર્શિકા આપવામાં આવી છે તેમાં પણ શહેરની વસ્તીની સામે દર ૧ કે ૧.૨૫ લાખની વસ્તીની સામે એક વેકસીન સુપરવાઈઝરની નિમણૂંક થવી જોઈએ.આમ છતાં મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા શહેરમાં બીસીજી,પોલીયો સહીતની રસી હયાત સ્ટાફને સામાન્ય તાલિમ આપીને આપવાની ફરજ પાડવામાં આવી રહી છે.

વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ ખાતે જીટીયુના સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઓટોમેશન, મોબાઈલ હાઈડ્રોલિક, ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ઉદ્યોગ સંસ્થા ભાગીદારી વિકસાવવા એક ઉદ્દેશ સાથે અને મોબાઈલ ઈલેક્ટ્રોનિક્સ ટેકનોલોજીસ ઉદ્યોગ અને શૈક્ષણિક વચ્ચે ટેકનોલોજી ગાબડા પુરવા ટેકનોલોજી ક્ષેત્ર પર "સેન્ટર ઓફ એક્સેલન્સ" સ્થાપિત કરેલ છે.

ઓટોમેશન શ્રેષ્ઠતા યુનિવર્સિટી પ્રથમ સેન્ટર વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ચાંદખેડા, અમદાવાદ ખાતે સ્થાપના કરવામાં આવી છે. બોશ-રેક્ષોર્થ ઈન્ડિયા લિમિટેડ (બ્રિન) અને વીજીઈસીના સહયોગથી

માટે જીટીયુ વિદ્યાર્થીઓમાં સંશોધન અને જ્ઞાન વધારવા માટે બોશ-રેક્ષોર્થ ઈન્ડિયા લિમિટેડ (બ્રિન)ના સહયોગથી ઓટોમેશન ટેકનોલોજીસ આજે શ્રેષ્ઠતા જીટીયુ સેન્ટરનું ઉદ્ઘાટન વિશ્વેશ્વરાય ઓડિટોરિયમ હોલ, બ્લોક એ ખાતે તા. ૩જી ફેબ્રુઆરીના રોજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી જયદ્રથસિંહ પરમાર દ્વારા કરાયું હતું.

આ પ્રસંગે રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે 'ઉદ્યોગોની સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. ગુજરાત સરકાર વતી હું તમને ખાતરી આપું છું કે જો તમારા પ્રોજેક્ટ ઉદ્યોગ અને સમાજ ઉપયોગી હશે તો જીટીયુ સરકારની નોડલ એજન્સી છે. તમારા ઈનોવેટીવ અને સ્ટાર્ટ અપના આઈડીયાની અરજી જીટીયુ મારફત મોકલશો તો જરૂરી ફંડ મળી રહેશે."

હવે તો ભવ્ય અને દિવ્યના વાયદા પૂર્ણ કરો અને મોદીના ડ્રીમને સાકાર બનાવો

ગુજરાતમાં ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી હતી અને મોદી સરકાર ગુજરાતમાં પૂરબહાર હતી. મોદી જે બોલે તે કાયદો બની જતો હતો. સચિવાલયમાં મોદીના નામની ધાક હતી. આજે એ બધું ખતમ થયું છે. મોદીએ ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવાના કોલ આપ્યા હતા પરંતુ આ કોલ પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષથી કોઈ કામ થતું નથી. સચિવાલયના એક અધિકારી કહે છે કે મોદી જે નક્કી કરે તે ઝડપથી પૂર્ણ કરે છે. ગિફ્ટ સિટી, મહાત્મા મંદિર અને સ્વર્ણિમ સંકુલ એ તેના ઉદાહરણ છે. દિવસોમાં જ આ પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે. મોદીએ કલ્પના કરી હતી કે દિવ્ય અને ભવ્ય ગુજરાત આજે ક્યાં છે તેવો સવાલ કરવો પડે છે. દરિયાકિનારાના શહેરોનો વિકાસ કરાશે તેવા કમિટમેન્ટ સચિવાલયની ફાઈલોમાં બંધ પડ્યા છે. મોદીએ જે કલ્પના કરી છે તેને પણ જો પૂર્ણ કરવામાં આવે તો ગુજરાતની દિશા અને દશા બદલાઈ શકે તેમ છે.

રૂપિયા અને કાગળ બચાવવો છે- તો RTI અરજી ઓનલાઇન સ્વિકારો

રાજકારણ જવાન બને છે, ગુજરાત બાકાત નથી...

ભારતનું રાજકારણ જવાન બનતું જાય છે તેમાં ગુજરાત પણ બાકાત રહી શકે તેમ નથી. દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ કોઈપણ રાજ્યની ચૂંટણીમાં યુવા ઉમેદવારોને વધારે મહત્વ આપે છે. ઉત્તરપ્રદેશના રાજકારણમાં પણ આજે અખિલેશ યાદવ મોસ્ટ પોપ્યુલર બની રહ્યાં છે. મહારાષ્ટ્રમાં રાજ ઠાકરેના નિર્ણયોને નવી પેઢી આવકારે છે. ગુજરાત પાસે પણ યુવા નેતાઓની ફોજ છે. જે યુવા ચહેરા રાજકારણમાં નથી પણ રાજનિતી રમે છે તેવા પાટીદાર અનામત આંદોલનના સુપ્રિમો હાર્દિક પટેલ અને ઓબીસી સેના ના યુવા નેતા અલ્પેશ ઠાકોર યુવાન છે. કોંગ્રેસ અને ભાજપમાં બીજી હરોળના નેતાઓ યુવાન છે તો તેમની શક્તિઓનો પાર્ટીએ ઉપયોગ કરવો જોઈએ. ભારતની છેલ્લી ચૂંટણીના સર્વે પ્રમાણે જોઈએ તો સૌથી વધુ મતદાન યુવાનો કરે છે. 'પરિવર્તન કરો અને રાજ કરો' એવા નારા ની ગુજરાતને પણ જરૂર છે.

RTIમાં ઓનલાઇન પોર્ટલ રૂપિયા બચાવશે...

ગુજરાતમાં ઈન્ફર્મેશન કમિશનર તરીકે વી.એસ.ગઢવીની નિયુક્તિ પછી આરટીઆઈ એક્ટિવિસ્ટ એવી આશા રાખી રહ્યાં છે કે તેઓ આરટીઆઈ ઓનલાઈન પોર્ટલ બનાવી ઓનલાઈન એપ્લિકેશનની સિસ્ટમ શરૂ કરે, કારણ કે ભારતના ઓરિસ્સા જેવા નાના રાજ્યોમાં આરટીઆઈ ઓનલાઈન પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં જાહેરાત થયા પછી પણ આ પોર્ટલ હજી શરૂ થઈ શક્યું નથી. ડિજીટલ ઈન્ડિયાના સમયમાં આરટીઆઈની એપ્લિકેશન સ્વિકારે તેવું ઓનલાઈન પોર્ટલ હોવું જરૂરી છે કે જેથી ફાઈલોના કાગળની બચત થઈ શકે. એવું ધ્યાનમાં આવ્યું છે કે એક આરટીઆઈના જવાબ માટે સરકાર ઘણીવાર ૨૦૦ રૂપિયા સુધીની સ્ટેમ્પની રકમ ખર્ચી નાંખે છે. જવાબ માટે ઢગલાબંધ કાગળનો ઉપયોગ થાય છે તે વધારાનો ખર્ચ છે. ઓનલાઈન એપ્લિકેશનમાં ઓનલાઈન જવાબ મળે તો સરકારને નાણાંની મોટી બચત થઈ શકે છે.

સચિવાલયમાં વોટ્સઅપ ઉપયોગી બન્યું છે...

ગાંધીનગરના સચિવાલય અને જિલ્લાની વહીવટી કચેરીઓમાં વોટ્સ અપ એપ્લિકેશનનો ઉપયોગ વધ્યો છે અને તે સરકારી કામગીરીમાં ફળદાયી સાબિત થયો છે. વિડીયો કોન્ફરન્સ, ડોક્યુમેન્ટેશન, ફાઈલોની આપ-લે, મિટીંગના મેસેજીસ, ફોટોગ્રાફ અને વિડીયો સહિતના ડોક્યુમેન્ટ્સ ત્વરીત મળી જાય છે. આજે મેઈલ કરતાં વોટ્સ અપના મેસેજીસ વધારે ઉપયોગી બને છે. જિલ્લાની નાની કચેરીઓમાં કર્મચારીઓના ગ્રુપ બનાવીને માહિતીની આપ-લે કરવામાં આવતી હોવાનું જોવા મળે છે. સોશ્યલ માધ્યમની આ એક નવી દિશાનો પ્રયોગ વહીવટી તંત્રને ઝડપી બનાવે છે. સૌથી અગત્યની બાબત એવી છે કે ફરિયાદની અરજી અને તેને ત્વરીત રિપ્લાય વોટ્સઅપમાં મળી જતાં અરજદારોના ધક્કા અટકયા છે.

'મોર્ડનાઇઝેશન'માં ગાંધીનગરની અસલી ઓળખ આપણે ભૂલી ગયા

બોલો મંત્રીજી- એસટી ક્યાંથી નફો કરે?!...

સરકારી પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની ખામીભરી વ્યવસ્થાના કારણે ગુજરાતમાં પ્રાઈવેટ વાહનોમાં મોતની સફર થાય છે. સૌરાષ્ટ્ર હોય કે અમદાવાદ જેવું મેટ્રોશહેર- બધે પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી એક ફરજ બની છે. સરકારના એસટી નિગમ પાસે હજારો બસો હોવા છતાં સરકારી વહીવટની અણઆવડતના કારણે મુસાફર ખાનગી વાહનમાં બેઠા પછી એસટીની બસ આવે છે અને તે ખાલી ખાલી દોડે છે, પછી એસટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ખોટના બહાને રૂટ કેન્સલ કરે છે જેથી તે પ્રાઈવેટ વાહનોને તગડો ફાયદો થાય છે. સરકાર જરા તપાસ તો કરે- આ ખાનગી વાહનો કોના છે... કોની ભાગીદારીમાં સડકો પર દોડે છે... કોના કહેવાથી એસટીના રૂટ રદ થાય છે... આ એક સંશોધનનો વિષય છે. વર્ષોથી આ પરંપરા ચાલુ છે અને તેને ભાજપની સરકાર પણ બંધ કરાવી શકી નથી.

સચિવાલયમાં વોટ્સઅપ હવે સરકારની કામગીરીનો હિસ્સો બન્યું છે

ગુજરાતમાં સાયકલ ટ્રેકને સ્થાન આપો...

અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરાના બારેખમ ટ્રાફિકને હળવો બનાવવા માટે સરકારે આ મોટા શહેરોમાં ખૂબ જ ઝડપથી સાયકલ ટ્રેકનું નિર્માણ કરવું જોઈએ અને આ ટ્રેક એટલો નાના હોવો જોઈએ કે તેમાં બીજા વાહનો પ્રવેશી શકે નહીં, નહીં તો કહેવાશે સાયકલ ટ્રેક પરંતુ તેમાં સ્કૂટર અને બાઈક પણ દોડશે... રેલ્વે ટ્રેક પર માત્ર રેલ્વે દોડી શકે છે તેવી જ રીતે સાયકલ ટ્રેક પર માત્ર સાયકલને પ્રવેશ મળવો જોઈએ. ગાંધીનગરમાં સાયકલ ટ્રેક બનાવેલો છે, સરસ મજાની ફુટપાથ પણ છે પરંતુ તેમાં સાયકલ ફરતી નથી, નાગરિક ચાલતો નથી, માત્ર બાઈક પુરપાટ ચાલે છે. ફુટપાથ પર ચાલતા નાગરિક સાથે બાઈક અથડાય છે. સરકાર જ્યાં રૂપિયા ખર્ચે છે ત્યાં તકેદારી પણ રાખે તે જરૂરી છે...

લખવાથી કંઇ થતું નથી, અમલ થી થાય...

અમદાવાદ અને ગાંધીનગર માત્ર કહેવાતા ટ્વિન સિટી છે, કારણ કે ટ્વિન સિટીમાં જોવા મળતી ફેસેલિટી અહીં નથી. બન્ને શહેરો વચ્ચેના અડધા હાઈવે પર લાઈટના અભાવે અંધારૂં છે. બન્ને શહેરો વચ્ચે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન સુવિધા નથી. બન્ને દેશો વચ્ચે ઈન્ટરનેટ કે વાઈફાઈ ફેસેલિટી નથી. એક શહેર નર્મદાનું પાણી પીવે છે બીજું બોરનું પાણી પીવે છે. વિશ્વમાં સર્જાયેલા ટ્વિનસિટીની સુવિધા અંગે અભ્યાસ કરવામાં આવ્યો છે પરંતુ આપણે ત્યાં તેનું ૨૦ ટકા પણ અમલીકરણ થતું નથી. ટ્વિન સિટીની વ્યાખ્યા શું છે તે સમજીને તેનો અમલ કરવામાં આવે તો ગુજરાતના ૧૬ એવાં શહેરો છે કે જ્યાં ટ્વિનસિટી શક્ય છે. આ શહેરોને ટ્વિન સિટી બનાવવાની ફાઈલ કે જેને તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવી હતી તે હાલ સચિવાલયમાં દબાયેલી પડી છે.

એક હતું ગાંધીનગર!!, આજે જે છે તે- નથી...

૧૯૬૫માં ગાંધીનગર નામનું નગર ગુજરાતના નકશામાં ક્યાંય ન હતું. અહીં જંગલ અને ખેતરો હતા. હિતેન્દ્ર દેસાઈની સરકારે ગુજરાતને નવું પાટનગર બનાવી આપ્યું છે. એ સમયના ટાઉન પ્લાનરો એવાં હતા કે જેમણે દૂરંદેશીથી કામ કર્યું હતું અને ચંદીગઢની કોપી કરીને વેલપ્લાન સિટી ડેવલપ કર્યું હતું. ગાંધીનગરના મુખ્ય માર્ગોમાં જ્યાં ચાર રસ્તા પડતા હોય ત્યાં અંડરબ્રીજ બનાવીને પૂરી દેવામાં આવ્યા હતા કે જેથી ભવિષ્યમાં માટી ખોદીને તેને શરૂ કરી શકાય, પરંતુ ભાજપની સરકારે આ બ્રીજ પર વધારે કોંક્રીટ પાથરવાનું કામ કર્યું છે. ગાંધીનગરમાં સેક્ટર પ્રમાણે બગીચાનું આયોજન હતું. આજે કેટલાય બગીચાને ખતમ કરી ઈમારતો બનાવી દેવામાં આવી છે. પ્રત્યેક સેક્ટરને ઈન્કવાયરી, સરકારી દવાખાનું, રંગમંચ, સ્કૂલ અને રમતનું મેદાન આપવામાં આવેલું હતું આજે આ જગ્યા શોધ્યે મળે તેવી નથી. ગાંધીનગરનો નાગરિક કહે છે કે- સબકુછ ખતમ હો ગયા હૈ...

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત